**સ્પેશીયલ દિવાની દરખાસ્ત નં.૧૧૮/૨૦૧૯**

**-: આંક ૧ લગત હુકમ :-**

૧) સદર દરખાસ્ત દરખાસ્તદાર દ્રારા રેગ્યુલર લેન્ડ રેફરન્સ કેસ નં.૯૬/૨૦૧૩ માં થયેલ હુકમની અમલવારી માટે દાખલ કરવામાં આવેલ છે.

૨) બન્ને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. કેસ રેકર્ડ વંચાણે લીધું.

૩) અત્રેની કોર્ટની હિસાબી શાખાના વડાએ નીચે મુજબનો શેરો આજ રોજ રજુ કરેલ છે :-

*"એલ.એ.આર. નં.૯૬/૨૦૧૩ ના કામે રેકર્ડ ચકાસતા રજીસ્ટર-સી તા.૦૫.૦૪.૨૦૨૨, સીવીલ-સી નં.૦૨/૨૨-૨૩ થી રૂ.૨૩,૭૧,૦૨૬/- અંકે રૂપીયા ત્રેવીસ લાખ એકોતેર હજાર છવ્વીસ પુરા /- જમા થયેલ. સદર રકમની રજીસ્ટર સીવીલ-ડી તા.૦૮.૦૪.૨૦૨૨ સીવીલ-ડી રજીસ્ટર નં.૦૮/૨૨-૨૩ થી યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, ભાવનગરમાં નાઝીરશ્રી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોટ , ભાવનગર ના નામની ફીકસ ડીપોઝીટ થયેલ છે."*

૪) ઉપરોકત શેરો ધ્યાને લેતા ફલિત થાય છે કે સામા.એ એલ.એ.આર. કેસ નં.૯૬/૨૦૧૩ મા થયેલ હુકમ મુજબ જે લેણી રકમ માટે હાલની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે તે લેણી રકમ અત્રેની કોર્ટની હિસાબી શાખામાં જમા કરી આપેલ છે અને તે રકમની ફીકસડ ડીપોઝીટ પણ કરી દેવામાં આવેલ છે. આમ, ઉપર્યુક્ત તમામ હકીકતો ધ્યાને લેતા જણાઈ આવે છે કે દરખાસ્તદારે જે હેતું થી મજકુર દરખાસ્ત દાખલ કરેલ છે તે પરિપૂર્ણ થઈ ગયેલ છે. તેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**સ્પેશીયલ દિવાની દરખાસ્ત નં.૧૧૮/૨૦૧૯**

**:: હુ ક મ ::**

(૧) હાલની દરખાસ્તમાં દર્શાવેલ લેણી રકમ અત્રેની કોર્ટની હિસાબી શાખામાં જમા થઈ ગયેલ હોય તેથી મજકુર દરખાસ્ત પરિપૂર્ણ થઈ ગયેલ હોય સદર દરખાસ્તનો આથી નિકાલ કરવામાં આવે છે.

(૨) ઉપર્યુક્ત હુકમ અનુસંધાને સદર દરખાસ્ત માં જોઇ કોઇ પરચૂરણ અરજી પેન્ડીંગ હોય તો તેને દફતરે કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા. **૧૭મી એપ્રિલ, ૨૦૨૬** ના રોજ
ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૭.૦૪.૨૦૨૬
સ્થળ: ભાવનગર.

*શ્રી.એમ.એમ.શેખ*

{ **મયુરકુમાર ડી. બ્રહ્મભટ્ટ** }
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
ભાવનગર.
કોડ નં. જીજે -૦૧૦૦૮